brampton.ca **BRAMPTON** Flower City

# media release

જૂન 27, 2018

## સ્ક્વૅરમાં હવે ઉનાળુ કાર્યક્રમોનું આગમન થવાનું છે

બ્રામ્પટન, ઓન્ટેરિયો – સમગ્ર ઉનાળા દરમિયાન રોજીંદા કાર્યક્રમો અને કૌટુંબિક-મૈત્રીપૂર્ણ પ્રવૃત્તિઓનો આનંદ માણવા બ્રામ્પટનના કંપાયમાન ગાર્ડન સ્ક્વૅરમાં ચાલ્યા આવો! આ શહેરના કળા અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લો, જેમાં સામેલ છે: જીવંત મનોરંજન, રાત્રે વિશાળ એલઈડી સ્ક્રીન પર ચલચિત્ર, સ્થાનિક કળાકારો, અને ઘણું બધું. આ ઋતુનો તેની પૂર્ણતામાં આનંદ માણવા ડાઉનટાઉનમાં મેઈન સ્ટ્રીટ અને ક્વીન સ્ટ્રીટ સ્થિત, ગાર્ડન સ્ક્વૅર એક મજાની જગ્યા છે.

આ વર્ષની ઝાંખીમાં સામેલ છે:

- ગાર્ડન સ્ક્વૅરમાં વર્લ્ડ કપ ફીવર! ફૂટબોલની રમતોનું પ્રસારણ ગ્રૂપ તબક્કાઓથી શરૂ થઈને જુલાઈ 15 નાં રોજ ફાઈનલ્સ સુધી થશે.
- રવિવાર, જુલાઈ 8 નાં રોજ બ્રામ્પટનનું પહેલું પ્રાઈડ સેલિબ્રેશન (ગૌરવમય ઉજવણી) કૌટુંબિક-મૈત્રીપૂર્ણ મનોરંજન, અભિનયકારો (પરફોર્મર્સ), સંગીત, અને ઘણી પ્રવૃત્તિઓને તક આપશે.
- સ્ટોમ્પ એન’ સ્ટેમ્પેડ જુલાઈ 22 નાં રોજ - તમારી કાઉબોય હૅટ અને બૂટ્સ પહેરીને ચાલ્યા આવો.
- પાર્ક્સ એન’ રેક, આ વર્ષે નવું ઉમેરણ, મફત વર્કશોપ્સ, સ્ટ્રીટ ડાન્સ સ્પર્ધાઓ, અને સામાજીક નૃત્યો ઓગસ્ટ 12 નાં રોજ યોજાશે.
- આ શહેરની મનપસંદ, ઈસ્ટ કોસ્ટ કિચન પાર્ટી, ઓગસ્ટ 26 નાં રોજ થશે. મેરીટાઈમર્સ (દરિયાકાંઠે વસનારાઓ) અને મેઈનલેન્ડર્સ (ભૂખંડમાં વસનારાઓ) બંનેને મનોરંજન, પ્રવૃત્તિઓ અને સ્વાદિષ્ટ ભોજન સાથે પૂર્વ તટીય સંસ્કૃતિ ઉજવવાનું સમકક્ષ નિમંત્રણ છે.

ગાર્ડન સ્ક્વૅર એ જગ્યા છે જ્યાં બ્રામ્પટન જીવંત બને છે. સમગ્ર આયોજનની યાદી માટે વેબસાઈટ www.brampton.ca/gardensquare જુઓ:

- દર સોમવારે: બ્રામ્પટન ઓન સ્ક્રીન · સાંજે 7 કલાકે
- દર મંગળવારે: અનબોક્સ્ડ (માત્ર જુવાનિયાઓ માટે) · સાંજે 7 કલાકે
- દર બુધવારે: બ્રામ્પટન ઓન સ્ટેજ · સાંજે 7 કલાકે
- દર ગુરુવારે: બોલીવૂડ ફિલ્મ નાઈટ્સ · સાંજે 7 કલાકે
- દર શુક્રવારે: ફ્રાઈડે નાઈટ લાઈવ · રાત્રે 8 કલાકે ઓપનર | રાત્રે 9 કલાકે હેડલાઈનર
- દર શનિવારે: સેટરડે નાઈટ મૂવીસ · સાંજે 7 કલાકે | રાત્રે 9 કલાકે
- દર રવિવારે: ખાસ પ્રસંગો

ધી રોઝ પૂર્ણપણે વૈવિધ્યસભર 2018 – 2019 ઋતુની શરૂઆત ઉનાળુ થિયેટર સીરીઝથી થશે, જે જુલાઈ 24 થી સપ્ટેમ્બર 7 સુધી ચાલશે. ફ્લાવર સીટી ભાંગરા સાથેની ભાગીદારીમાં, ઓગસ્ટ 4 નાં રોજ ઉત્તર અમેરિકાની સૌથી મોટી ભાંગડા સ્પર્ધાનો આનંદ માણો. સપ્ટેમ્બરની શરૂઆતમાં વર્લ્ડ ઓફ જાઝ ફેસ્ટિવલની મોજ માણો, જેના મુખ્ય પ્રસ્તુતકર્તા માઈકલ કૅશેમર (Michael Kaeshammer) છે, જે બ્રામ્પટનની B-Jazzed (બી-જૅઝ્ડ) સંસ્થા સાથેની ભાગીદારીમાં રજૂ કરવામાં આવશે.

**અવતરણ (ક્વૉટ):**

“રહેવાસીઓ શહેર કંપાયમાન હોય તેવું ઈચ્છતા હોય છે જેમાં પોતાના કુટુંબીજનો, મિત્રો અને સમુદાય સાથે ભેગા થવા રોમાંચક જાહેર સ્થળો હોય. ગાર્ડન સ્ક્વૅર અને ધી રોઝ એવા જ મજા માણવા યોગ્ય સ્થળો છે. આ ઉનાળામાં, ડાઉનટાઉન બ્રામ્પટનમાં આયોજીત કાર્યક્રમો સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર અને સર્વગ્રાહી છે, અને દરેક વ્યક્તિને મોજમજા કરાવવાનું વચન આપે છે. હું તમને આ ઊર્જાનો ભાગ બનવા સ્ક્વૅર અને ડાઉનટાઉનની મુલાકાત લેવાનું અને આ સામુદાયિક સ્થળે લાગણીને આવકારીને આનંદ માણવાનું નિમંત્રણ આપું છું.”

- *મેયર લિન્ડા જેફ્રી (Mayor Linda Jeffrey)*

-30-

**બ્રામ્પટન મોટા પાયે આયોજનો કરવાનું વિચારે છે.** અમે તીક્ષ્ણ ધ્યાન કેન્દ્રિત કરતા ભવિષ્ય માટે તૈયાર સંસ્થા છીએ. અમે જાણીએ છીએ કે આપણાં સમુદાયની વૃદ્ધિ, જુવાની અને વિવિધતા આપણને અલગ ઓળખ આપે છે. અમે કેનેડાના ઈનોવેશન સુપર કોરિડોરની મધ્યમાં સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે એવા ગતિશીલ શહેરી કેન્દ્રો બનાવી રહ્યા છીએ જે તકોને તણખો ચાંપે છે અને અહીં રહેતા અને કાર્યરત લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરીએ છીએ. અમે બ્રામ્પટનને આગળ ધપાવી રહ્યા છીએ જે તેને એવું જોડાણ ધરાવતું શહેર બનાવે જે નવીનતમ, સર્વગ્રાહી અને સાહસિક હોય. અમને Twitter અને Facebook પર અનુસરો. વધુ માહિતી www.brampton.ca પર મેળવો.